

**ખુલ્લી ગટર આફત નોતરશે તેવી ભીતિ**

ખેડા જિલ્લાના ગલતેશ્વર તાલુકાના સેવાલિયા ગોધરા હાઈવે પર આવેલ બેંક ઓફ બરોડાના માર્ગ પર આવેલ વરસાદ પાણીના નિકાલ માટે બનાવેલી ગટર લાઈન પર આરસીસી ઢાંકણ બનાવવાના કામકાજમાં તંત્રની બેદરકારી વર્તાઈ રહી છે. પ્રજાની સુવિધા માટે બનાવેલ રસ્તા પરની આ ગટરના ઢાંકણની સ્થિતિ તદન કથળી જવા છતાં તેના રીપેરીંગ માટે આંખ આડા કાન કરાઈ રહ્યા છે. સ્થાનિક રહીશો, રાહદારીઓ અને વાહનચાલકોથી ભરચક રહેતા આ રસ્તા પર અજાણતા કોઈ ગટરમાં પડી હોનારતનો ભોગ બને તે પહેલા સત્વરે તેને રીપેર કરાય તેવી પ્રજામાં માંગણી થઈ રહી છે. (તસવીર : કમલેશ પરમાર, સેવાલિયા)

# મહેસાણા જિલ્લામાં સશસ્ત્ર સેના ધ્વજદિનની ઉજવણી કરાઈ

મહેસાણા, તા. ૭

પ્રતિ વર્ષે ૭ ડિસેમ્બરના રોજ સશસ્ત્ર સેના ધ્વજદિનની ઉજવણી સમગ્ર દેશમાં કરવામાં આવે છે. દેશની સુરક્ષા અને અખંડિતતા માટે પોતાનું સર્વોચ્ચ સમર્પિત કરતા આપણા શૂરવીર સૈનિકો અને તેઓના પરીજનોનું કૃતજ્ઞ રાષ્ટ્ર આ દિવસે અભિવાદન કરે છે. આ અવસરની ઉજવણી સાથે સેવારત સૈનિકો અને તેઓના પરીજનોના કલ્યાણ માટે ભંડોળ એકત્ર કરવામાં આવે છે.

મહેસાણા જિલ્લામાં જિલ્લા સૈનિક કલ્યાણ અને પુર્વસવાટ અધિકારી શ્રી કિષ્ણદિપસિંહ જેઠવાના અધ્યક્ષ સ્થાને સશસ્ત્ર સેના ધ્વજદિનની ઉજવણી કરવામાં આવી હતી. મહેસાણા જિલ્લા અધિક કલેક્ટરશ્રી ધવલ જાનીને સ્ટીકર ફ્લેગ લગાવી સશસ્ત્ર ધ્વજદિનની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત કલેક્ટર કચેરીના અધિકારીશ્રીઓને ફ્લેગ લગાવી આ દિવસની ઉજવણી કરાઈ હતી.

દેશની સુરક્ષા અને સાર્વભૌમત્વ માટે સમર્પિત સેનાનીઓનું ઋણ અદા કરવા અને ઉદાર હાથે સૈનિક કલ્યાણ નિધિમાં ફાળો આપવા વહીવટી તંત્ર દ્વારા જાહેર અપીલ કરાઈ હતી. સમગ્ર વહીવટી તંત્રએ ધ્વજદિન નિમિત્તે સૈન્યના, નૌસેના અને વાયુસેનાના બહાદુર જવાનો અને અધિકારીઓને અભિનંદન પાઠવ્યા હતા. સશસ્ત્ર દળોની પરજનિષ્ઠા અને કર્તવ્યભાવના સમગ્ર વિશ્વમાં આગવી પ્રતિષ્ઠા છે. રાષ્ટ્રના સર્વભૌમત્વની સલામતી અને એકતા માટે દેશની સીમાઓના સંરક્ષણની વિકટતમ માનવસર્જીત આફતો દરમિયાન હંમેશા ખડેપગે રહી સ્થાનિક પ્રશાસનની મદદ કરી છે. આપણી સરહદોનું દિન-રાત રક્ષણ કરતા સેનાનીઓ અને અફસરો રાષ્ટ્રની સલામતીના એવા પહેરેગીરો છે જેનાથી સમાજની સુરક્ષા થાય છે. આવા ઉમદા સેવાઓનો ઋણ સ્વીકાર કરવા તમામ નાગરિકોને ધ્વજ દિન નિમિત્તે ઉદાર હાથે ફાળો આપવા જાહેર અપીલ કરાઈ છે.



**સ્વ. નેલ્સન મંડેલાને શ્રદ્ધાંજલિ**

શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પૂરષોત્તમ પ્રીયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં શ્રી સ્વામિનારાયણ મંદિર નાઈરોબી ખાતે દક્ષિણ આફ્રીકાના પૂર્વ પ્રમુખ અને ભારત રત્ન તેમજ શાંતિ નોબેલ પ્રાઈઝ વિજેતા એવા દક્ષિણ આફ્રિકન ગાંધી ડૉક્ટર નેલ્સન મંડેલાનું અવસાન થતા તેઓના માનમાં ધૂન, પ્રાર્થના અને ધ્યાન કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

# ભિલોડાની પરિણીત સ્ત્રીને કોર્ટે ભરણપોષણ આપવા હુકમ

### ભરણપોષણની રકમ રૂા.૪૬,૨૫૦/- ન મળી : પોલીસ પકડ વોરન્ટમાં પણ પકડી શકતી નથી

ભિલોડા, તા.૭

અરવલ્લી જીલ્લાના ભિલોડા ગામના પશાભાઈ કોદરભાઈ વણકરની દિકરી પારૂલબેન પશાભાઈ વણકર આ.ઉં.વ.૨૫ છે. હિંમતનગર તાલુકાના જાબુંડી ગામમાં ૨૦૦૫ ની સાલમાં પારૂલને રાજુભાઈ કાળાભાઈ પરમાર સાથે સમાજના રીતીરીવાજ મુજબ વાજતે-ગાજતે પરણાવી હતી તે પછી બે વર્ષના સમયગાળા બાદ પારૂલે બાબાને જન્મ આપ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે તેમના લગ્નજીવન દરમ્યાન નાની-નાની બાબતમાં વાંધા-વચકા તેમજ અજુગતા વહેમ ઉભા કરી તેમજ ગમે તેવો વ્યવહાર કરી ઉશ્કેરાટ કરતા હતા તેમજ તારા બાપે લગ્નમાં દહેજ આપેલ નથી તને રસોઈકામ આવડતું નથી. લાજ મર્યાદા તારા મા-બાપે તને શીખવાડી નથી વિગેરે અપમાનજનક શબ્દો બોલી તેને હેરાન કરતા હતા.

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના જાબુંડી ગામના સાસરીયાઓ ધ્વારા કેરોસીન છાંટી જાનથી મારી નાખવાની ધમકી પણ ઉચ્ચારી હતી જેથી કંટાળી ના છુટકે પારૂલબેને ભિલોડાની નામદાર કોર્ટમાં ભરણપોષણ તેમજ પતી ધ્વારા માનસીક ત્રાસની ફરીયાદ કરતાં નામદાર કોર્ટે ફરીયાદીની ઝીણવટભરી તપાસ કરી માસીક રૂપિયા ૧૫૦૦/-નો ભરણપોષણ નક્કી કરેલ હોવા છતાં આ ભરણપોષણનો ચુકાદો આવ્યા પછી ૩૦ માસ ૧૭ દિવસ થયા હોવા છતાં પારૂલને ભરણપોષણ પેટે રૂપિયાની ફુટી પાઈ પણ મળેલ નથી.આજ દિન સુધીના ભરણપોષણની રકમ રૂા.૪૬,૨૫૦/- હોવાનું પરણીત યુવતીના પિતા ધ્વારા જાણવા મળેલ છે. પછીના દસ માસના રૂા.૧૫,૦૦૦/- જે પણ આજ દિન સુધી મળેલ નથી.

પહેલું પકડ વોરન્ટ વિજયનગરનું નીકળ્યું તેને બે માસ થયા તે પછી પોશીના પોલીસનું પકડ વોરન્ટ નીકળ્યું. જેમાં પણ પોલીસને સફળતા મળી નહી અને છેલ્લે તા.૬/૧૨/ ૨૦૧૩ ના રોજ ગાંભોઈ પોલીસ ધ્વારા પકડ વોરન્ટ કાઢ્યું હોવાનું જાણવામાં આવ્યું છે.છેલ્લા દસ માસથી પકડ વોરન્ટ નીકળતાં હોવા છતાં પોલીસ આરોપીને પકડી શકતી નથી તે આશ્ચર્યચકિત વાત છે!!!

## ધનસુરામાં ૬ઠ્ઠી ડિસેમ્બરે મહાઆરતી અને મશાલ રેલી યોજાઈ

ધનસુરા, તા.૭

ધનસુરા ખાતે ૬ઠ્ઠી ડિસેમ્બરે બાબરી ઢાંચાના વિધ્વંસ દિને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા રામજી મંદિરના મહંત પુરણદાસજીના વરદ્ હસ્તે મહાઆરતીનું આયોજન કરાયું હતું. તેમજ વિહિપ અને બજરંગદળના યુવાનોએ ધનસુરા ચાર રસ્તાથી મશાલ સરઘસ કાઢી ગામની પ્રદક્ષિણા કરી હતી. આ કાર્યક્રમમાં વિહિપના જિલ્લા મંત્રી કિરીટ શાહ, બજરંગ દળના જયંતિભાઈ પટેલ, અગ્રણી ધવલ પટેલ, પ્રતિક પટેલ અને યુવાનો તેમજ મહિલાઓ જોડાયા હતા.

## મોરબીમાં અનિચ્છનીય બનાવને ટાળવા પગલા

રાજકોટ, તા.૦૭

ચાલુ માસમાં મોરબી જિલ્લામાં ક્રિસમસ, ૩૧ ડિસેમ્બર વગેરે ઉત્સવની ઉજવણી થનાર છે તેમજ વિવિધ રાજકીય પક્ષો દ્વારા જુદા જુદા પ્રશ્ને આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે છે, તે ધ્યાને લેતાં આ સમય દરમ્યાન સમગ્ર મોરબી જિલ્લા વિસ્તારમાં કાયદો વ્યવસ્થા, જાહેર સુલેહ શાંતિ અને સલામતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનિય બનાવો બનવા ન પામે તે માટે આર.એમ. ડામોર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબીએ એક હુકમ પ્રસિદ્ધ કરી તા. ૩૧-૧૨-૨૦૧૩ સુધી નીચે દર્શાવ્યા મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવી છે.

હથિયાર, તલવાર, ભાલા, બંદુક, છરી, લાકડી કે લાઠી, શસ્ત્રો, સળગતી મશાલ, બીજા હથિયારો કે જેના વડે શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવા પર, પથ્થરો અથવા ફેકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેકવા પર કે ધકેલવા પર અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા અથવા તૈયાર કરવા પર, મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા પર, જેનાથી સુરૂચિ અથવા નીતિઓનો ભંગ થાય, તેવા ભાષણ કરવા પર તથા ભેદભાવ અથવા ચેષ્ટા કરવા પર તથા તેવા ચિત્રો, પ્લેકાર્ડ, પત્રિકા અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવા પર તથા બતાવવા પર અથવા ફેલાવો કરવા પર પ્રતિબંધ મુક્યો છે.

# હિંમતનગરમાં તસ્કરોએ બંધ મકાન અને મંદિરને નિશાન બનાવ્યા : દોઢ લાખની મત્તાની ચોરી

હિંમતનગર, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના ભરચક એવા મહાવીરનગર વિસ્તારમાં આવેલ એક સોસાયટીના બંધ મકાનને શુક્રવારે બપોરે અને રાત્રીના સમયે સહકારી જીન પાસે આવેલ મહાકાલી મંદિરે એમ બે સ્થળે તસ્કરોએ ત્રાટકીને સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી દોઢ લાખની મત્તાની ચોરી કરી લઈ ગયા અંગેની ફરિયાદ હિંમતનગર ટાઉન પોલીસમથકે શનિવારે નોંધાઈ છે.

બનાવની વિગત એવી છે કે હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ રવિ પાર્ક સોસાયટીમાં જનકભાઈ બાબુલાલ ઓઝાના બંધ મકાનમાં શુક્રવારે બપોરના ૧૨ થી ૩ વાગેના સમયે અજાણ્યા તસ્કરોએ ઘરના દરવાજાનું તાળુ તોડી બેડરૂમમાં લાકડાના કબાટો તોડી અંદરથી હીરાનું ડોકિયું, સોનાનું મંગલસૂત્ર, સોનાની બુટ્ટી, વીંટી, ત્રણ ટાઈટન ઘડિયાળ અને રોકડ રકમ મળી કુલ રૂ. ૧ લાખ ૪૩ હજારની મત્તાની ચોરી કરી લઈ ગયા હતા. આ અંગે હિંમતનગર ટાઉન પોલીસમથકે જનકભાઈ બાબુલાલ ઓઝાએ ફરિયાદ નોંધાવી હતી. તો બીજી તરફ સહકારી જીન પાસે આવેલ મહાકાલી મંદિરનું રાત્રી દરમિયાન તસ્કરોએ ત્રાટકી મંદિરનો દરવાજો તોડી અંદર પ્રવેશી દાન પેટી ચોરી કરી લઈ ગયા હતા. બનાવ અંગે હિંમતનગર ટાઉન પોલીસમથકે સુરેખાબેન સથવારાએ અંદાજે રૂ. ૫ હજારની મત્તાની રોકડ ચોરી થયા અંગેની ફરિયાદ નોંધાવી હતી.

# પરવાના વિના ધીરધારનો ધંધો કરવો શિક્ષાપાત્ર ગુનો

## નબળા વર્ગનું શોષણ ન થાય તે હેતુસર કાયદો અમલમાં

રાજકોટ, તા.૦૭

પરવાના વિના ધીરધારનો ધંધો કરવો શિક્ષાપાત્ર ગુનો બને છે. નબળાવર્ગનું શોષણ ન થાય તે હેતુસર રાજ્ય સરકારે મુંબઈ શાહુકાર અધિનિયમ ૧૯૪૬ના સ્થાને તા. ૨-૫-૨૦૧૩થી નાણાં ધીરધાર અધિનિયમ અમલમાં મુક્યો છે. આ ધારાનું અમલીકરણ રાજ્યના સહકારખાતા તરફથી કરવામાં આવી રહ્યું છે.

રાજ્ય સરકારે શોષણવિહિન સમાજ રચનાને આદર્શ તરીકે સ્વીકારેલ છે. આ આદર્શને મૂર્તિમંત કરવા માટે કાયદો અમલમાં લાવેલ છે. સમાજના નબળા વર્ગોનું શોષણ અટકે તે સંદર્ભમાં નાણાંને કારણે શાહુકારો તરફથી નાણાંની જરૂરીયાતવાળા ખેડૂતો, ખેતમજુરો, કારીગરો અને પછાતવર્ગના આર્થિક રીતે નબળા વર્ગનું શોષણ ન થાય તે દ્રષ્ટિએ ધારો ઘડવામાં આવેલ છે. શાહુકાર ધારાના અમલ દ્વારા ધીરધારના ધંધા ઉપર નિયંત્રણ મુકવામાં આવેલ છે. શાહુકારધારાની કલમ ૫ થી ૫૫ સુધીની વિવિધ કલમો અન્વયે વિવિધ પ્રાવધાનની જોગવાઈઓ કરવામાં આવેલ છે જ્યારે ધીરધારનું લાયસન્સ મેળવવાની પ્રક્રિયા (પ્રાવધાન) નિયમ નંબર ૩ થી ૨૩ સુધીમાં જણાવવામાં આવેલ છે.

શાહુકારધારાની મુખ્ય જોગવાઈઓમાં રાજ્યમાં નાણાં ધીરધારને લગતી લેવડદેવડ ઉપર નિયંત્રણ, ગેરકાયદે ધીરધાર પ્રવૃત્તિ પર અંકુશ રાખવા, દેવાદારને રક્ષણ આપવા તથા સતામણીઓ અટકાવવી, ગેરવ્યાજબી વસુલાત પર નિયમન, દેવદારની મિલકતો રક્ષિત કરવાના પ્રાવધાન, હિસાબોમાં પારદર્શકતા તથા ફરજીયાત ઓડીટની જોગવાઈઓ અને શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર સખત જોગવાઈઓ કરવામાં આવેલ છે. જ્યારે નાણાં ધીરધાર શાહુકારની કાનુની ફરજોમાં લાયસન્સ મેળવ્યા વગર ધંધો ન કરવો, હિસાબી ચોપડા રાખવા તેમજ દેવાદાર તથા નિબંધકને પત્રકો મોકલવા, નાણાં વસુલ થયેથી દસ્તાવેજો રદ કરવા, વસુલાતની પહોંચ આપવી. દેણદારને સતામણી ન કરવી. વ્યાજ મર્યાદામાં આકારવું અને અન્ય કપાત પર પ્રતિબંધ, હિસાબોનું ઓડીટ કરાવવું વગેરેની જોગવાઈઓ કરવામાં આવે છે.



ડીસા તાલુકાના ધરપડા ફતેપુરા ગામે સોલંકી ઠાકોર પરીવાર દ્વારા ભજન સત્સંગનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં તાલુકાના સંતો મહંતોએ ઉપસ્થિત રહી ભકતોને રસતરબોળ કર્યા હતા. ભજન-સત્સંગ કાર્યક્રમમાં આજુબાજુના ગામના ભકતોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં શિવાજી સોલંકી, કેલસિંગ સોલંકી, ભુપતસિંહ સોલંકી, માનસંગજી સોલંકી, અનારસિંગ સોલંકીએ કાર્યક્રમને સફળ બનાવવામાં ફાળો આપ્યો હતો. (તસવીર : પ્રેમસિંહ ઠાકોર-ખારેડા)

# ઉત્તર ઝોનના ૭૫ ટકાથી વધુ વિસ્તાર ગેરકાયદે છે

અમદાવાદ, તા.૦૭

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું પછાત ગણાતું ઉત્તર ઝોન છેલ્લા ઘણાં સમયથી વિવાદમાં છે.

ઉત્તર ઝોનના અધિકારીઓ સામે તાજેતરમાં જ ગેરકાયદે રીતે બાંધકામ કરતા તત્વોને છાવરવાનો આક્ષેપ થયો હતો અને હાલ આ જ ઝોનના તાબા હેઠળ આવતી કુબેરનગર મસ્ટર ઓફિસના એક અધિકારીએ નામ ન આપવાની શરતે ચોંકાવનારી વિગત આપી કે ટીપી સ્કીમો પાસ ન થતી હોવાથી ઉત્તર ઝોન હેઠળ આવતા વિસ્તારો ૭૫ ટકા જેટલા ગેરકાયદેસર બની ગયા છે અને આગામી સમયમાં આ જ પરિસ્થિતિ કાયમ રહી તો ઉત્તર ઝોન ૧૦૦ ટકા ગેરકાયદે થઈ શકે તેવી સંભાવના છે. દરેક બાબતમાં અવ્વલની બડાઈ હાંકતી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન કેટલી પાણીમાં છે તેની માહિતી અલગ અલગ બાબતમાં ૭૫ ટકા જેટલું ગેરકાયદે બનેલ ઉત્તર ઝોનની હાલત પરથી આંકી શકાય. અત્યંત પછાત ગણાતા ઉત્તર ઝોનમાં કુબેરનગર, મેઘાણીનગર, સરદારનગર, કૃષ્ણનગર, નરોડા, મેમ્કો, બાપુનગર જેવા મહત્વના વિસ્તારોનો સમાવેશ થાય છે. પણ આ વિસ્તારોમાં આવેલ ગટર, પાણી, વીજળી કનેક્શનો, મકાન બાંધકામ અને રોડ વગેરે મુખ્યત્વે ૭૫ ટકા ગેરકાયદે છે કેમ કે ૨૦ વર્ષના વહેણ વિત્યા છતાં ટીપી સ્કીમો પાસ ન થવાના કારણે ઉત્તર ઝોન રાત્રે નહિં એટલું ધોળા દિવસે ગેરકાયદે થઈ રહ્યું છે. અહીં જે ગટર, પાણી અને વીજળી કનેક્શનો છે તે મુખ્યત્વે ગેરકાયદે છે.

કુબેરનગર સ્થિત મસ્ટર ઓફિસના એક અધિકારીએ જણાવ્યું હતું કે ઉત્તર ઝોનમાં સમાવેશ થતા વિસ્તારો ૭૫ ટકા ગેરકાયદે છે કેમ કે ટીપી સ્કીમો પાસ થતી ન હોવાથી ગેરકાયદે ગટર, પાણી, વીજળી કનેક્શનોનો રાફડો ફાટી નીકળ્યો છે. ઉપરાંત કોઈ એક્શન લેનાર ન હોવાથી ઠેર-ઠેર ગેરકાયદે બાંધકામો રસ્તાઓનું નિર્માણ થઈ રહ્યું છે. ગેરકાયદે પ્રવૃત્તિઓનાં કારણે આ ઝોનના વિસ્તારો ખૂબ ગીચ બની ગયા છે. આમ તો છેલ્લા ઘણા સમયથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો ઉત્તર ઝોન વિવાદોમાં રહ્યું છે. ઝોનના અધિકારીઓ દ્વારા જે ગેરકાયદે પ્રવૃત્તિ આચરતા તત્વોને સુરક્ષા કવચ પુરૂ પાડવાનું કામ કરી રહ્યા છે. કેમ કે લીલા રંગની મલાઈ ખાવા અર્થે ટેવાયેલા પોતાની દુકાન બંધ ન થાય તેનો પુરેપુરો ખ્યાલ રાખે છે.

# બાળકી રેપ પ્રકરણમાં રાપર બંધનું પણ અપાયેલું એલાન

કચ્છ, તા.૦૭

રાપરમાં શાળાની બાળકી ઉપર બળાત્કારની ઘટના હવે જોરદાર ગરમી પકડી રહી છે. આ મામલે વેપારી સંગઠનો પણ મેદાનમાં આવી ગયા છે અને ધમકી પણ આપી છે કે, જ્યાં સુધી નરાધમને પકડી પાડવામાં નહીં આવે ત્યાં સુધી રાપરમાં બંધ પાડવામાં આવશે. વેપારીઓના આક્રમક વલણ અને નારાજગીથી પોલીસ તંત્ર ઉપર હવે દબાણ વધી ગયું છે.

કચ્છના રાપરમાં શાળાની રીસેસના સમય દરમ્યાન અંદાજે સાત વર્ષીય બાળા પર કોઈ નરાધમે દુષ્કર્મ ગુજાર્યાની ઘટનાથી સનસનાટી મચી જવા પામી હતી. સ્થાનિક લોકોમાં હવસખોરો વિરૂદ્ધમાં રોષની લાગણી જન્મી છે. આ મામલાના વિરોધમાં રાપરના વેપારી સંગઠન દ્વારા આરોપી ન પકડાય ત્યાં સુધી રાપર બંધનું એલાન કરવામાં આવ્યું છે. સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, રાપરમાં આવેલ એક શાળામાં ભણતી સાત વર્ષીય બાળાને શુક્રવારે સવારે અજાણ્યા શખ્સે હવસનો શિકાર બનાવી હતી. શાળાની રીસેસ દરમ્યાન બાળકી પર દુષ્કર્મ ગુજાર્યો હોવાનું જાણવા મળ્યું છે. બાળકીને લોહી લુહાણ હાલતમાં જોઈ ગયેલા લોકોએ તાત્કાલીક તેના વાલીઓને જાણ કરી હતી તેમજ તેને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આ મામલાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ પણ હવસખોરને ઝડપી પાડવા દોડતી થઈ ગઈ હતી. માસુમ બાળકી પર થયેલ દુષ્કર્મના કારણે રાપરના વેપારી સંગઠનએ આરોપી ન પકડાય ત્યાં સુધી રાપર બંધનું એલાન કર્યું. હાલમાં આ મામલા અંતર્ગત બે શકમંદની પૂછપરછ કરવામાં આવી રહી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
AGL Radhe
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન